**ગુજરાત પછાતવર્ગ વિકાસ નિગમને વર્ષ ૨૦૨૨-૨૩ માટેની** રૂ.૨૦૦.૦૦ લાખની શેરમૂડી ગ્રાન્ટ પૈકી ત્રીજા હપ્તા પેટે રૂ.૫૦.૦૦ લાખ અને ચોથા હપ્તા પેટે રૂ.૫૦.૦૦ લાખ એમ કુલ રૂ.૧૦૦.૦૦ લાખ**ની ગ્રાન્ટ ફાળવવા બાબત**

**ગુજરાત સરકાર**
**સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,**
**ઠરાવ ક્રમાંકઃ સશપ/૧૦૨૦૦૦/૧૧૧૧/અ.૧(પા.ફા.)**
**(e-sarkar -** SJED/MIS/e-file/17/2022/0022/A-1 Section)
**સચિવાલય, ગાંધીનગર.**

**તારીખઃ**

**વંચાણે લીધાઃ-**

(૧) આ વિભાગનો તા.૦૭/૦૪/૨૦૨૨નો ઠરાવ ક્રમાંકઃ SJED/CNI/e-file/17/2021/0001/B
(૨) આ વિભાગનો તા.૨૮/૦૬/૨૦૨૨નો સમાન ક્રમાંકનો ઠરાવ
(૩) આ વિભાગનો તા.૧૮/૧૦/૨૦૨૨નો સમાન ક્રમાંકનો ઠરાવ
(૪) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનો તા.૨૪/૦૨/૨૦૨૩નો પત્ર ક્રમાંક : વિજાક/બો.નિ./શેરમૂડી/પ.વ./૨૦૨૨-૨૩/૧૩૧

**આમુખઃ-**

વંચાણે લીધા ક્રમાંક (૧) પરના આ વિભાગના ઠરાવથી ગુજરાત પછાતવર્ગ વિકાસ નિગમ માટે વર્ષ ૨૦૨૨-૨૩ના અંદાજપત્રમાં શેરમૂડીની ગ્રાન્ટ પેટે રૂ.૨૦૦.૦૦ લાખની બજેટ જોગવાઇની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. ઉક્ત ગ્રાન્ટ પૈકી વંચાણે લીધા ક્રમાંક (૨) પરના આ વિભાગના તા.૨૮/૦૬/૨૦૨૨ ના ઠરાવથી પ્રથમ હપ્તા પેટે રૂ.૫૦.૦૦ લાખની ગ્રાન્ટ તેમજ વંચાણે લીધા ક્રમાંક (૩) પરના તા.૧૮/૧૦/૨૦૨૨ ના ઠરાવથી બીજા હપ્તા પેટે રૂ.૫૦.૦૦ લાખની ગ્રાન્ટ એમ કુલ રૂ.૧૦૦.૦૦ લાખની ગ્રાન્ટ નિગમના હવાલે મૂકવાની મંજૂરી આપેલ છે. વંચાણે લીધા ક્રમાંક (૪) પરના નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણના પત્રથી વર્ષ ૨૦૨૨-૨૩ના અંદાજપત્રમાં થયેલ જોગવાઇ મુજબની રૂ.૨૦૦.૦૦ લાખની શેરમૂડી ગ્રાન્ટ પૈકી ત્રીજા હપ્તા પેટે રૂ.૫૦.૦૦ લાખ અને ચોથા હપ્તા પેટે રૂ.૫૦.૦૦ લાખ એમ કુલ રૂ.૧૦૦.૦૦ લાખની ગ્રાન્ટ ગુજરાત પછાતવર્ગ વિકાસ નિગમને હવાલે મૂકવા કરેલ દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

પુખ્ત વિચારણાને અંતે ગુજરાત પછાતવર્ગ વિકાસ નિગમને વર્ષ ૨૦૨૨-૨૩માં ફાળવવામાં આવેલ બજેટ જોગવાઇ મુજબની રૂ.૨૦૦.૦૦ લાખની શેરમૂડી ગ્રાન્ટ પૈકી ત્રીજા હપ્તા પેટે રૂ.૫૦.૦૦ લાખ અને ચોથા હપ્તા પેટે રૂ.૫૦.૦૦ લાખ એમ કુલ રૂ.૧૦૦.૦૦ લાખ(અંકે રૂપિયા એક કરોડ પુરા)ની શેરમૂડી ગ્રાન્ટ ગુજરાત પછાતવર્ગ વિકાસ નિગમના હવાલે મૂકવા નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણને નીચેની શરતોને આધીન આથી મંજૂરી આપવામાં આવે છે.

**શરતો:-**

(૧) આ ગ્રાન્ટ નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ગાંધીનગરે તાત્કાલિક ગુજરાત પછાતવર્ગ વિકાસ નિગમને હવાલે મૂકવાની રહેશે.

(૨) નિગમે આ ગ્રાન્ટનો ઉપયોગ જે હેતુ માટે બજેટ જોગવાઇ કરવામાં આવી હોય તે હેતુ માટે જ ખર્ચ કરવાનો રહેશે.

(૩) સને ૨૦૨૨-૨૩ના વર્ષની બજેટ જોગવાઇને આધીન રહીને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

(૪) આ અંગેનું ખર્ચ સરકારશ્રી દ્વારા વખતોવખત નકકી કરવામાં આવેલ જોગવાઇઓ અને લાગુ પડતા ધારા ધોરણોને આધીન નિયત પદ્ધતિથી કરવાનું રહેશે.

(૫) આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંકઃ ૯૨ મુખ્ય સદર-૪૨૨૫-અનુ.જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, અન્ય પછાત વર્ગો અને લઘુમતિઓના કલ્યાણ અંગે મૂડી ખર્ચની જોગવાઇ, પેટા મુખ્ય સદર-૦૩ પછાતવર્ગોનું કલ્યાણ, ગૌણ સદર-૧૯૦ જાહેર ક્ષેત્ર અને અન્ય ઉપક્રમોને નાણાંકીય સહાય, પેટા સદર- ૦૧ ઓબીસી-૧૯ ગુજરાત પછાતવર્ગ વિકાસ નિગમને શેરમૂડી હેઠળ ઉધારવો અને તે હેઠળ ચાલુ નાણાંકીય વર્ષમાં કરવામાં આવેલ જોગવાઇમાંથી મેળવવાનો રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૧૩/૦૩/૨૦૨૩ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

eSign
Signed by: Kalpanaben Vipulkumar Rana
Location: Ahmedabad, India
Organization Unit: Social Justice and Empowerment Department
Date: 15-Mar-2023 (04:47 PM)

(કલ્પના રાણા)
ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ
(૧) નિયામકશ્રી,વિકસતી જાતિ કલ્યાણ,ડૉ. જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર.

<u>નકલ રવાનાઃ-</u>
(૧) મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત પછાતવર્ગ વિકાસ નિગમ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
(૨) પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
(૩) એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ
(૪) નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
(૫) જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
(૬) સેકશન અધિકારીશ્રી (બજેટ અને કોમ્પ્યુટર સેલ શાખા), સા.ન્યા અને અ.વિ., સચિવાલય, ગાંધીનગર.
(૭) સિલેકટ ફાઇલ